सत्यमेव जयते

| | | |
|---|---|---|
| કેસ આવ્યા તારીખ | : | ૨૪/૦૨/૨૦૨૩. |
| કેસ દાખલ તારીખ | : | ૨૪/૦૨/૨૦૨૩. |
| કેસ નિકાલ તારીખ | : | ૨૦/૦૩/૨૦૨૬. |
| અવધિ | : | વર્ષ–માસ–દિવસ |
| | | ૦૩ – ૦૦ – ૨૪ |
| **આંક** | : | |

## FORM – A

# મે. સુરતના પાંચમા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુકામ : બારડોલી.

**સેશન્સ કેસ નંબર : ૮/૨૦૨૩.**

| | |
|---|---|
| **પોલિસ સ્ટેશન** | મહુવા પોલિસ સ્ટેશન. |
| **ગુના રજિસ્ટર નંબર** | પાર્ટ "એ" ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦૩૧૨૨–૦૫૧૪/૨૦૨૨. |
| **આક્ષેપિત ગુનો** | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬ મુજબ. |
| **ફરિયાદી** | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત). |
| **વિ. એ.પી.પી.** | શ્રી એન. એચ. પટેલ. |
| **આરોપી** | મોહનસિંહ છીબાભાઇ પરમાર. |
| **આરોપી તરફે વિ. વકીલ** | શ્રી એસ. એ. પરમાર. |

## FORM – B

| | | |
|---|---|---|
| **ગુનો બન્યા તારીખ** | : | ૦૮/૦૬/૨૦૨૨. |
| **ફરિયાદની તારીખ** | : | ૦૮/૦૬/૨૦૨૨. |

| | | |
|---|---|---|
| **ચાર્જશીટની તારીખ** | **:** | ૦૪/૧૦/૨૦૨૨. |
| **તહોમતનામું ફરમાવ્યાની તારીખ** | **:** | ૨૭/૦૯/૨૦૨૪. |
| **પુરાવો શરૂ કર્યાની તારીખ** | **:** | ૦૩/૦૯/૨૦૨૫. |
| **ચુકાદો અનામત રાખ્યાની તારીખ** | **:** | ૨૦/૦૩/૨૦૨૬. |
| **ચુકાદાની તારીખ** | **:** | ૨૦/૦૩/૨૦૨૬. |
| **સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો** | **:** | લાગુ પડતું નથી. |

## –:: આરોપીની વિગત ::–

| | | |
|---|---|---|
| **આરોપીનું નામ** | **:** | મોહનસિંહ છીબાભાઇ પરમાર,<br>રહેવાસી : ચાંપલધરા, ડુંગરી ફળીયું,<br>તાલુકો : વાંસદા, જીલ્લો : નવસારી. |
| **ધરપકડની તારીખ** | **:** | ૩૦/૦૬/૨૦૨૨.(આગોતરા જામીન) |
| **જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની તારીખ** | **:** | ૩૦/૦૬/૨૦૨૨. |
| **કયા ગુનાનો આક્ષેપ છે** | **:** | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬ મુજબ. |
| **નિર્દોષ છોડવામાં આવ્યા કે કસૂરવાર** | **:** | નિર્દોષ ઠરાવી છોડી મૂકયા. |
| **શું સજા કરી** | **:** | લાગુ પડતું નથી. |
| **ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે** | **:** | લાગુ પડતું નથી. |

## <u>FORM – C</u>

### (એ) ફરિયાદપક્ષના મૌખિક પુરાવાઓની વિગત :–

| ક્રમ | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| (૧) | સીતાબેન ઠાકોરભાઇ પટેલ. | ફરિયાદી | ૮ |
| (૨) | દીપકસિંહ કાળાભાઇ રાઠોડ. | પંચ સાહેદ | ૧૦ |

| | | | |
|---|---|---|---|
| (૩) | હેમંતસિંહ લાલસિંહ રાઠોડ. | પંચ સાહેદ | ૧૪ |
| (૪) | ડૉ. નિરાલી હસમુખભાઇ પટેલ. | તબીબી સાહેદ | ૧૫ |
| (૫) | કિશોરભાઇ ભીખુભાઇ પટેલ. | પંચ સાહેદ | ૧૯ |
| (૬) | હિતેશભાઇ અરવિંદભાઇ પટેલ. | પંચ સાહેદ | ૨૧ |
| (૭) | જેસલબેન દીપકભાઇ પટેલ. | સાહેદ | ૨૪ |
| (૮) | વિકેશભાઇ રમેશભાઇ પટેલ. | પોલિસ સાહેદ | ૨૫ |
| (૯) | ભરતકુમાર ભાગુરાવ પરધને. | તપાસ અધિકારી | ૩૦ |

## (બી) ફરિયાદપક્ષના દસ્તાવેજી પુરાવાઓની વિગત :-

| ક્રમ | દસ્તાવેજોની વિગત | આંક |
|---|---|---|
| (૧) | ફરિયાદ. | ૯ |
| (૨) | ગુનાવાળી જગ્યાનું પંચનામું. | ૧૧ |
| (૩) | મરનારના કુદરતી લખાણની ડાયરી કબજે કર્યાનું પંચનામું. | ૧૨ |
| (૪) | લાશ ઉપરના કપડાં કબજે કર્યાનું પંચનામું. | ૧૩ |
| (૫) | પી.એમ. માટેની પોલિસ યાદી. | ૧૬ |
| (૬) | પી.એમ. નોટ. | ૧૭ |
| (૭) | કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ. | ૧૮ |
| (૮) | ઇન્કવેસ્ટ પંચનામું. | ૨૦ |
| (૯) | આરોપીએ પાસપોર્ટ જમા કરાવ્યા અંગેનું પંચનામું. | ૨૨ |
| (૧૦) | એફ.એસ.એલ.નો સ્થળ નિરીક્ષણ અહેવાલ. | ૨૩ |
| (૧૧) | રવાનગી નોંધ તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર. | ૩૧ |
| (૧૨) | એફ.એસ.એલ.ની મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ. | ૩૨ |
| (૧૩) | રવાનગી નોંધ તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર. | ૩૩ |
| (૧૪) | એફ.એસ.એલ.ની મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ. | ૩૪ |
| (૧૫) | એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ પત્ર. | ૩૫ |
| (૧૬) | એફ.એસ.એલ.નો ભૌતિકશાસ્ત્ર વિભાગનો અહેવાલ. | ૩૬ |

## -:: ચુકાદો ::-

(૧) હાલના કેસના આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૬ મુજબના ગુનાઓનો આક્ષેપ છે.

(૨) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના મરણ જનાર ઠાકોરભાઈ સુખાભાઈને આરોપીએ વ્યાજ પેટે રૂપિયા ત્રણ લાખ આપેલા અને તે પૈકી એક લાખ રૂપિયા ચૂકવી આપેલ હોવા છતાં તેમજ મરણ જનારે બીજા માણસો પાસેથી ઉછીના પૈસા લીધેલ અને ઘરના ગાય તથા બકરા પણ વેચી દીધેલ હોવા છતાં પૈસાની સગવડ થાય તેમ ન હોવા છતાં બાકીની રકમ પરત મેળવવા આરોપીએ અવારનવાર મરનારના ઘરે જઇ તેમજ ફોન કરી પૈસાની માંગણી કરી અને પૈસા પરત આપવા માનસિક દાબદબાણ આપી મરનારને આપઘાત કરવા માટે દુષ્પ્રેરણ કરેલ અને મરણ જનારે કંટાળી જઇ નોટબૂકના ત્રણ પાનામાં પોતાના હસ્તાક્ષરમાં સ્યુસાઇડ નોટ લખી તારીખ : ૦૮/૦૬/૨૦૨૨૨ ના રોજ ૭:૦૦ થી ૮:૦૦ વાગ્યા દરમ્યાન વહેવલ ગામની સીમમાં સેન્ટ્રલ નર્સરી નજીક, અનાવલ-મહુવા રોડની બાજુમાં આવેલ કોકંરજના ઝાડની ડાળી સાથે દોરી બાંધી પોતાની જાતે ગળે ફાંસો ખાઇ પોતાનું જીવન ટૂંકાવેલ. આ બનાવ અંગે ફરિયાદી સીતાબેન ઠાકોરભાઈ પટેલે મહુવા પોલિસ સ્ટેશનમાં ફરિયાદ આપતાં મહુવા પોલિસ સ્ટેશન પાર્ટ "એ" ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦-૩૧૨૨૦૫૧૪/૨૦૨૨ થી ગુનો નોંધવામાં આવેલ.

(૩) ત્યાર બાદ તપાસનીશ અધિકારીએ સદર ગુનાના કામે તપાસ કરેલ અને તપાસના અંતે આ કામના આરોપી વિરૂદ્ધ પૂરતાં પુરાવા જણાતાં ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૬ મુજબના ગુનાઓનું ચાર્જશીટ મહુવાના વિ. જયુ.મેજી.ફ.ક.શ્રીની અદાલતમાં કરેલ, જે ચાર્જશીટ ફોજદારી કેસ નંબર : ૨૪૮૭/૨૦૨૨ થી નોંધાયેલ.

(૪) ત્યાર બાદ મહુવાના વિ. મેજીસ્ટ્રેટશ્રી દ્વારા આરોપી વિરૂદ્ધના ગુનાઓની ઇન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા નામ. સેશન્સ કોર્ટને હોવાથી ક્રિમિ. પ્રોસી. કોડની કલમ-૨૦૯ ની જોગવાઇ અન્વયે સદર

ફોજદારી કેસ અત્રેની એડીશ્નલ સેશન્સ કોર્ટ, બારડોલી તરફ કમીટ કરેલ, જેને સેશન્સ કેસ નંબર : ૮/૨૦૨૩ આપવામાં આવેલ.

(૫) આ કામના આરોપી સદર ગુનાના કામે જામીન ઉપર મુકત થયેલા છે. આરોપીને ચાર્જશીટનાં કેસ પેપર્સની નકલો વિનામૂલ્યે મળ્યાની ખાતરી કર્યા બાદ આરોપી વિરૂદ્ધ આંક : ૫ થી તહોમતનામું ફરમાવી આરોપીને તે વાંચી, સંભળાવી, સમજાવી આરોપીનો આંક : ૬ થી જવાબ લેતાં આરોપીએ ગુનો કબૂલ ન હોવાનું જણાવેલ અને પોતાના વિરૂદ્ધની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માંગણી કરેલ.

(૬) ફરિયાદપક્ષ તરફથી આરોપી સામેના આક્ષેપો પૂરવાર કરવા માટે ઉપરોકત ફોર્મ "સી" મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયેલા છે.

(૭) સદર કામે ફરિયાદપક્ષ ફરિયાદપક્ષનો પુરાવો પૂરો થયા બાદ આરોપીનું ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ પોતાની વિરૂદ્ધ રજૂ થયેલ પુરાવાની આક્ષેપિત હકીકતોનો ઈન્કાર કરેલ છે. તેઓએ વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે અને તેઓ સામે ખોટું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૮) આ કામે ફરિયાદપક્ષ તરફે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલની દલીલો સાંભળી. આરોપી તરફે વિ. વકીલ શ્રી એસ. એ. પરમારની દલીલો સાંભળી.

(૯) સરકાર પક્ષે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલે રજૂઆત કરેલ છે કે, મરનારને ગળે ફાંસો ખાઈ આપઘાત કરેલ હોવાની હકીકત ફરિયાદપક્ષ તબીબી પુરાવાઓથી પૂરવાર કરી શકેલ છે. મરનાર કેરીનો ધંધો કરતા હતા અને મરનારે આરોપીની કેરીની વાડી રાખેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે. આ ઊપરાંત, કેરીના ધંધામાં ખોટ જવાથી વાડીના માલિકને પૈસા આપવાના બાકી હોવાથી મરનાર માનસિક તાણમાં રહેતા હતા અને હતાશ હતા તેમ પણ પૂરવાર થયેલ છે. તપાસનીશ અધિકારીએ ફરિયાદીની ફરિયાદ લીધેલી અને તેઓએ પુરાવા દરમ્યાન ફરિયાદ હકીકતને તથા તપાસની કાર્યવાહીને સમર્થન આપેલ છે. રજૂ થયેલ પુરાવાઓથી આરોપીએ

મરનારને આપઘાત માટેનું દુષ્પ્રેરણ કરતાં મરનારે ગળે ફાંસો ખાઇ આપઘાત કરેલ હોવાની હકીકત પૂરવાર થયેલ છે. આમ, રજૂ થયેલ પુરાવાઓ ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ સ્પષ્ટપણે પૂરવાર કરી શકેલ હોવાથી આરોપીને દોષિત ઠરાવી સખ્ત સજા કરવા વિનંતી કરેલ છે.

(૧૦) આરોપી તરફે વિ. વકીલ શ્રી એસ. એ. પરમારની રજૂઆત છે કે, મરનારે ગળે ફાંસો ખાઇ આપઘાત કરેલ હોવાની હકીકત પૂરવાર થાય છે, પરંતુ મરનારને આપઘાત કરવા માટે આરોપીએ દુષ્પ્રેરણ કરેલ હોય તેવો કોઇ જ પુરાવો રેકર્ડ ઉપર જણાતો નથી. મરનાર કેરીના ધંધામાં ખોટ ગયેલ હોવાથી માનસિક તાણમાં રહેતા હતા તેવું રેકર્ડ ઉપર આવે છે, પરંતુ મરનારે આરોપીની વાડી રાખેલ હોય તેવો પણ કોઇ પુરાવો રજૂ થયેલ નથી. આ ઉપરાંત, મરનારે આરોપી પાસેથી વ્યાજે ત્રણ લાખ લીધા હોય, તે પૈકી એક લાખ રૂપિયા ચૂકવી આપ્યા હોય અને આરોપીએ બાકીની રકમની સતત ઉઘરાણી કરી મરનારને માનસિક ત્રાસ આપી આપઘાત કરવા માટે દુષ્પ્રેરણ કરેલ હોય તેવી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવી શકેલ નથી. સાહાદોના પુરાવામાં એ હકીકત આવે છે કે, મરનાર અને આરોપી વચ્ચે કોઇ નાણાંકીય વ્યવહાર થયેલ ન હતો. ફરિયાદી તથા તેમના દીકરીએ ફરિયાદપક્ષના કેસને, પંચોએ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી, જેથી તેઓ તમામને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે. એફ.એસ.એલ.ના અહેવાલોમાંથી પણ આરોપીની ગુનામાં સંડોવણી દર્શાવતી કોઇ હકીકત જણાઇ આવતી નથી. આરોપીએ મરનારને સતત માનસિક ત્રાસ આપી આપઘાત કરવા માટે દુષ્પ્રેરણ કરતાં મરનારે ગળે ફાંસો ખાઇ આપઘાત કરેલ હોય તેવું ફરિયાદપક્ષ પૂરવાર કરી શકેલ નથી. આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ નિઃશંકપણે પૂરવાર કરી શકેલ ન હોવાથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા વિનંતી કરેલ છે.

(૧૧) આ કામે બંને પક્ષની રજૂઆતો અને પુરાવાઓને ધ્યાને લઇ કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબા મુદ્દાઓ ઊપસ્થિત થયેલા છે.

## -:: મુદ્દાઓ ::-

(૧) શું ફરિયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે પૂરવાર કરે છે કે, મરનાર ઠાકોરભાઈ સુખાભાઈ પટેલનું મૃત્યુ ગળે ફાંસો ખાવાના કારણે અકુદરતી રીતે થયેલું હતું?

(૨) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પૂરવાર કરે છે કે, મરણ જનારે વ્યાજ પેટે આરોપી પાસેથી ત્રણ લાખ લીધેલ, જે પૈકી એક લાખ રૂપિયા ચૂકવી આપેલ હોવા છતાં અને આરોપીને ચૂકવવાની બાકીની રકમની સગવડ થાય તેમ ન હોવા છતાં આરોપીએ અવારનવાર મરનારના ઘરે જઈ તેમજ ફોન કરી પૈસાની માંગણી કરી, માનસિક દાબદબાણ કરી મરનારને આપઘાત કરવા માટે દુષ્પ્રેરણ કરતાં મરનારે કંટાળી જઈ નોટબૂકના ત્રણ પાનામાં પોતાના હસ્તાક્ષરમાં સ્યુસાઈડ નોટ લખી તારીખ : ૦૮/૦૬/૨૦૨૨ ના રોજ ૭:૦૦ થી ૮:૦૦ વાગ્યા દરમ્યાન વહેવલ ગામની સીમમાં સેન્ટ્રલ નર્સરી નજીક, અનાવલ-મહુવા રોડની બાજુમાં આવેલ કોકંરજના ઝાડની ડાળી સાથે દોરી બાંધી પોતાની જાતે ગળે ફાંસો ખાઈ આપઘાત કરેલ, તેમ કરી આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૬ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

(૩) શું હુકમ?

(૧૨) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

## -:: નિર્ણયો ::-

(૧) હકારમાં.

(૨) નકારમાં.

(૩) આખરી હુકમ મુજબ.

## –:: કારણો ::–

**મુદ્દા નંબર – ૧ :–**

(૧૩) આ કામના આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬ મુજબના ગુનાઓનો આક્ષેપ છે. ફરિયાદપક્ષના કેસ મુજબ આરોપીએ બાકી નીકળતી રકમ પરત આવા માટે મરનાર ઉપર માનસિક દબાણ કરતાં મરનારે સ્યુસાઇડ નોટ લખી ગળે ફાંસો ખાઇ આપઘાત કરેલ. આમ, મરનારનું મૃત્યુ ગળે ફાંસો ખાવાના કારણે થયેલ હોવાનો ફરિયાદપક્ષનો કેસ છે. આ હકીકત સાબિત કરવા માટે મરણ જનારની લાશું પોસ્ટ મોર્ટમ કરનાર ડૉ. નિરાલી હસમુખભાઇ પટેલને આંક : ૧૫ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદ તારીખ :૦૮/૦૬/૨૦૨૨ ના રોજ વલવાડા પી.એચ.સી. ખાતે ફરજ ઉપર હતા ત્યારે આંક : ૧૬ ની પોલિસ યાદી સાથે મરનાર ઠાકોરભાઇ પટેલની લાશ બપોરે ૨:૫૫ કલાકે પી.એમ. માટે લાવવામાં આવતાં તેઓએ તે જ દિવસે બપોરે ૩:૨૦ કલાકે પી.એમ. શરૂ કરી સાંજે ૫:૨૫ કલાકે પૂર્ણ કરેલું. લાશ ૪૮ વર્ષના પુરૂષ ઇસમની હતી, લાશ ઠંડી હતી, બંને હાથ અને પગ અકડાઇ ગયેલ હતા, જાંઘ અને નિતંબના ભાગે પી.એમ. લીવીડીટી જોવા મળેલી, ચહેરો ફીક્કો હતો અને કાળી કીડીઓ ફરતી હતી. ડાબી બાજુના કાનમાં કીડી કરડવાના લીધે લોહી નીકળતું હતું. શિશ્નના ભાગેથી થોડું વીર્ય નીકળેલ હતું. ગળાના ભાગે લીગેચર માર્ક પૂરેપૂરો ન હતો. થાઇરોઇડ કાર્ટિલેજની ઉપર કાર્ટિલેજની ઉપર લેરીકન્સ અને જડબાની વચ્ચે ગોળ ફરતું કાળા કલરનું હતું. લીગેચર માર્કની દિશા ત્રાંસી ઉપર અને પાછળની બાજુ તથા જડબાની લાઇનની સમાંતર પાછળની બાજુ જતી હતી. લીગેચર માર્કની લંબાઇ ૩૧.૧ સે.મી., પહોળાઇ ૧.૫ થી ૨.૫ સે.મી. અને ઊંડાઇ ૧/૪ સે.મી. થી ૧/૨ સે.મી. હતી. લીગેચર નોટ્ટ જમણી બાજુ કાનની પાછળ જોવા મળેલ. લીગેચર માર્કની અંદરની તપાસ કરતાં માંસપેશીઓ, કાર્ટિલેજ અને હાડકામાં કોઇ ઇન્જરી ન હતી, પણ અંદરની પેશીઓ ફીક્કી પડી ગયેલ હતી. કોઇ અસ્થિભંગ જોવા મળેલ નહીં. ઉપરની ઇજાઓ મૃત્યુ પહેલાની હતી. લાશની આંતરિક તપાસ કરતાં માથું કન્જસ્ટેડ

હતું, મગજના ભાગે પેટેન્શીલ હેમરેજ જોવા મળેલ, ફેંફસાના પડદા ઉપર કન્જસ્ટેડ અને પેટેન્શીયલ હેમરેજ જોવા મળેલ, કંઠનળીમાં ગુલાબી પડતું ફ્રોથ હતું, કંઠનળીની મ્યુકોઝા હાયપરરેમીક હતી, લેરીકન્સ કન્જસ્ટેડ અને હાયપરરેમીક હતી. ગળાના ભાગે લીગેચર નોજ્ઞ માર્કને ડિસ્ટ્રેકટ કરતાં તે ડ્રાય અને કમ્પ્રેસ્ડ હતી. ચામડીની નીચેની પેશીઓનો સફેદ કલરનો બેન્ડ હતો, બંને ફેંફસા એન્લાર્જડ અને કન્જસ્ટેડ હતા, હૃદયનું આવરણ કન્જસ્ટેડ હતું, ડાબા ક્ષેપકમાં લોહી જામેલ હતું, પેટની અંદરનું આવરણ, અન્નનળી, યકૃત, બરોળ, મૂત્રપિંડો, જનેન્દ્રીય કન્જસ્ટેડ હતાં. આ સાહેદના અભિપ્રાય મુજબ મરનારનું મૃત્યુ ગળે ફાંસો ખાવાના કારણે શ્વાસ રૂંધાવાથી થયેલ હતું. સદર કામે આંક : ૧૭ થી પી.એમ. નોટ તથા આંક : ૧૮ થી કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ રજૂ થયેલ છે. ઊલટતપાસમાં આ સાહેદે જણાવેલ છે કે, મરનારનું મૃત્યુ કેટલા સમય પહેલા થયેલું તેનો પી.એમ.માં ઉલ્લેખ કરેલ નથી તથા લીગેચર માર્ક કયા આકારનો હતો તે પણ જણાવેલ નથી. આમ, સદર સાહેદનો પુરાવો જોતાં મરનારને ઉપર મુજબની ઈજાઓ થયેલ હોવાનું રેકર્ડ ઉપર આવે છે. સદર સાહેદના અભિપ્રાય મુજબ મરનારનું મૃત્યુ ગળે ફાંસો ખાવાના કારણે શ્વાસ રૂંધાવાથી થયેલ હતું. મરનારને થયેલ ઈજાઓ અંગે તથા મરનારના મૃત્યુના કારણ અંગે બચાવપક્ષ તરફે કોઇ તકરાર લેવામાં આવેલ નથી. ગળે ફાંસો ખાવાના કારણે ઠાકોરભાઇનું મૃત્યુ થયેલ ન હતું તેવું બચાવપક્ષનું કહેવું પણ નથી. આમ, ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં ઠાકોરભાઇ સુખભાઈ પટેલનું મૃત્યુ ગળે ફાંસો ખાવાના કારણે થયેલ હોવાની હકીકત ફરિયાદપક્ષ તબીબી પુરાવાથી પૂરવાર કરી શકેલ હોવાથી **મુદ્દા નંબર : ૧ નો નિર્ણય હકારમાં** આપવામાં આવે છે.

**મુદ્દા નંબર –ર :–**

(૧૪) મરણ જનારના પત્નીએ આ કામની ફરિયાદ આપેલ. ફરિયાદી સીતાબેન ઠાકોરભાઈ પટેલને આંક : ૮ થી તપાસવામાં આવેલા છે. ફરિયાદીનો પુરાવો જોતાં જણાઇ આવે છે કે, તારીખ : ૦૮/૦૬/૨૦૨૨ ના રોજ તેમના પતિ સવારે સાત વાગ્યાના અરસામાં નિત્યક્રમ મુજબ છાપું લેવા

મોપેડ નંબર : જી.જે.૧૫–એમ.૫૦૧૯ ઉપર અનાવલ ગયેલા અને આઠેક વાગ્યે જમાઇ અજયભાઇ રાજુભાઇ પટેલે ઘરે આવી ફરિયાદીને જણાવેલ કે, તેણીના પતિ વહેવલ ગામે સેન્ટ્રલ નર્સરી નજીક રોડની બાજુમાં ઝાડ પાસે ગળે ફાંસો ખાઇ મરણ ગયેલ છે. આ હકીકતની જાણ થતાં ફરિયાદી પોતાના દીકરા તથઆ દીકરી સાથે બનાવવાળી જગ્યાએ ગયેલા તો સેન્ટ્રસ નર્સરી પાસે તેણીના પતિ ફાંસો ખાધેલી હાલતમાં લટકેલા હતા અને રોડની બાજુમાં મોપેડ હતી. રસ્તા ચાલતાં રાહદારીઓએ પોલિસને જાણ કરતાં પોલિસે આવી લાશ નીચે ઉતારેલી. મરનાર પાસે કાંઇ હતું નહીં તેમ ફરિયાદી જણાવે છે. મરનાર પાસે કોઇ ચિઠ્ઠી હતી કે કેમ તે ફરિયાદીએ જોયેલ નથી. ત્યાર બાદ લાશનું પી.એમ. કરાવવામાં આવેલ. ફરિયાદીના જણાવ્યા મુજબ તેણીના પતિને કેરીના ધંધામાં ખોટ જતાં નિરાશ થઇ ગયેલા અને માનસિક હતાશાથી આત્મહત્યા કરેલી. ફરિયાદીએ જણાવેલ છે કે, તેણીના પતિએ કોઇ પાસે ઉધાર પૈસા લીધેલ ન હતા. મરનારે આરોપીની કેરી રાખેલ હતી. બનાવ અંગે આંક : ૯ ની ફરિયાદ આપવામાં આવેલી. આમ, ફરિયાદીનો પુરાવો જોતાં તેઓને બનાવની જાણ તેમના જમાઇએ કરેલ અને ત્યાર બાદ તેઓ સ્થળ ઉપર ગયેલા, જયાં તેણીના પતિ ફાંસો ખાધેલ હાલતમાં મળી આવેલા. ફરિયાદીના જણાવ્યા મુજબ કેરીના ધંધામાં ખોટ જવાથી હતાશ થઇને તેણીના પતિએ આપઘાત કરેલ. આરોપી પાસેથી કોઇ રકમ લીધી હોય તેવી કોઇ હકીકત ફરિયાદી જણાવતાં નથી. મરનારે આરોપી પાસેથી ત્રણ લાખ રૂપિયા લીધાં હોય, જે પૈકી એક લાખ ચૂકવી આપેલ હોવા છતાં આરોપીએ વ્યાજની ઉઘરાણી કરતાં તેણીના પતિએ ગળે ફાંસો ખાઇ લીધેલ હોય તેવું બનેલ નથી તેમ ફરિયાદી સ્પષ્ટપણે જણાવે છે. ફરિયાદીના પુરાવાથી ફરિયાદ હકીકતને સમર્થન મળતું ન હોવાથી તેમને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે. ઊલટતપાસમાં ફરિયાદી જણાવે છે કે, તેણીના પતિને દેવું વધી જતાં માનસિક તાણમાં રહેતા હતા અને તેના કારણે ફાંસો ખાધેલ. અલબત્ત, તેઓએ એવી હકીકત પણ જણાવેલ છે કે, મરનારને આરોપી સાથે કોઇ નાણાંકીય વ્યવહાર ન હતો. આમ, ફરિયાદીનો સમગ્ર પુરાવા જોતાં મરનારને દેવું થઇ જતાં નિરાશ થયેલ હોવાની હકીકત

રેકર્ડ ઉપર આવે છે, પરંતુ મરનારે આરોપી પાસેથી કોઇ રકમ લીધી હોય તેવું પૂરવાર થતું નથી. મરનારની સ્યુસાઇડ નોટ મળી આવેલ હોય તેવું ફરિયાદીના પુરાવામાંથી જણાઇ આવતું નથી. ફરિયાદીના પુરાવાથી જણાઇ આવે છે કે, મરનાર અને આરોપી વચ્ચે કોઇ નાણાંકીય વ્યવહાર ન હતો. આમ, આરોપીએ પૈસાની ઉઘરાણી કરી મરનારને આપઘાત કરવા માટે દુષ્પ્રેરણ કરેલ હોય અને તેના કારણે મરનારે આપઘાત કરેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. આમ, ફરિયાદીના પુરાવામાંથી આરોપીની ગુનામાં સંડોવણી હોવાની કોઇ હકીકત જણાઇ આવતી નથી.

(૧૫) સાહેદ જેસલબેન દીપકભાઇ પટેલનો આંક : ૨૪ નો પુરાવો જોઇએ તો, આ સાહેદ મરનારના દીકરી થાય છે. બનાવનના ચારેક દિવસ પહેલા આ સાહેદ પોતાના પિયર આવેલ. આ સાહેદ પણ જણાવે છે કે, તેણીના પિતા બનાવના દિવસે નિત્યક્રમ મુજબ સવારે સાત વાગ્યે પેપર લેવા મોપેડ ઉપર અનાવલ ગયેલા અને આઠેક વાગ્યે અજયભાઇ પટેલે આવીને જણાવેલ કે, તેણીના પિતાએ વહેવલ ગામે સેન્ટ્રલ નર્સરીની બાજુમાં ઝાડ પાસે ગળે ફાંસો ખાઇ મરણ ગયેલ હતા. બનાવની જાણ થયા બાદ આ સાહેદ પણ સ્થળ ઉપર ગયેલા તો તેમના પિતા ફાંસો ખાધેલ હાલતમાં મળી આવેલા અને રોડની બાજુમાં તેણીના પિતાની મોપેડ હતી. રાહદારીઓએ પોલિસને જાણ કરેલ. ઠાકોરભાઇએ કેમ ફાંસો ખાઇ જીવન ટૂંકાવેલ તેની આ સાહેદને ખબર નથી. મરનાર ઉપર પૈસાનું દબાણ હતું કે કેમ તેની પણ આ સાહેદને ખબર નથી. આ સાહેદના પુરાવા મુજબ તેમના પિતા પાસેથી કોઇ ચીજવસ્તુ મળી આવેલ નહીં. મરનારે આરોપી પાસેથી ઉછીના નાણાં લીધેલ હોય, આરોપીએ વ્યાજ માંગેલ હોય અને સતત ફોન કરી હેરાન કરતાં મરનારે આરોપીના ત્રાસથી ફાંસો ખાઇ આપઘાત કરેલ હોય તેવું બનેલ નથી તેમ આ સાહેદ જણાવે છે. આ સાહેદે ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ ન હોવાથી તેમને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે. ઊલટતપાસમાં આ સાહેદ જણાવે કે, પૈસા આપવાના હોવાથી મરનાર ટેન્શનમાં રહેતા હતા, પણ કોને પૈસા આપવાના હતા તે અંગે આ સાહેદ કશું જણાવતાં નથી. આમ, સદર સાહેદનો પુરાવો જોતાં તેણીના પિતાએ ફાંસો ખાઇ લીધેલ

હોવાનું પૂરવાર થાય છે, પરંતુ કયા કારણથી મરનારને ફાંસો ખાધેલ તેની આ સાહેદને ખબર નથી. મરનારે આરોપી પાસેથી ઉછીના નાણાં લીધેલ હોય તેવું આ સાહેદના પુરાવામાંથી જણાઇ આવતું નથી, ત્યારે આરોપીએ નાણાંની સતત ઉઘરાણી કરી, ત્રાસ આપી, આપઘાત માટેનું દુષ્પ્રેરણ કરેલ હોય તેવું માનવાને કોઇ કારણ રહેતું નથી.

(૧૬) સદર કામે પંચ સાહેદ દીપકસિંહ કાળાભાઇ રાઠોડને આંક : ૧૦ થી તથા પંચ સાહેદ હેમંતસિંહ લાલસિંહ રાઠોડને આંક : ૧૪ થી તપાસવામાં આવેલા છે. આ બંને પંચ સાહેદોનો પુરાવો જોઇએ તો, આ સાહેદોને મહુવા પોલિસ સ્ટેશનમાં પંચ તરીકે રહેવા બોલાવવામાં આવેલા, જ્યાં પોલિસવાળા હાજર હતા. આ બંને પંચ સાહેદોને કોઇ જગ્યાએ લઇ જવામાં આવેલ ન હતા કે ફરિયાદીએ કોઇ ગુનાવાળી જગ્યા બતાવેલ ન હતી. પોલિસે મરનારના હસ્તાક્ષરવાળી કોઇ ડાયરી બતાવેલ નહીં કે પંચનામું કરી કબજે કરેલ નહીં તેમ પણ આ સાહેદો જણાવે છે. આ સાહેદો રૂબરૂ પી.એમ. બાદ મરનારના કપડાં પણ કબજે કરવામાં આવેલા નહીં. માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલ હોવાનો પુરાવો આપેલ છે. આ બંને પંચ સાહેદોને ફરિયાદપક્ષ તરફે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે. આમ, સદર પંચ સાહેદોનો પુરાવો જોતાં તેઓ રૂબરૂ પંચનામાની કોઇ કાર્યવાહી કરવામાં આવેલ હોય કે કોઇ ચીજવસ્તુ કબજે કરવામાં આવેલ હોય તેવું પૂરવાર થતું નથી. આ પંચ સાહેદોના પુરાવાથી આંક : ૧૧ ના ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતો, આંક : ૧૨ ના મરનારની ડાયરી કબેજ કર્યાના પંચનામાની હકીકતો તથા આંક : ૧૩ ના લાશ ઉપરના કપડાં કબજે કર્યાના પંચનામાની હકીકતો પૂરવાર થતી નથી.

(૧૭) પંચ સાહેદ કિશોરભાઇ ભીખુભાઇ પટેલને આંક : ૧૯ થી તથા પંચ સાહેદ હિતેશભાઇ અરવિંદભાઇ પટેલને આંક : ૨૧ થી તપાસવામાં આવેલા છે. આ બંને પંચ સાહેદોને પંચ તરીકે રહેવા મહુવા પોલિસ સ્ટેશનમાં બોલાવવામાં આવેલા અને પંચનામામાં સહી લેવામાં આવેલી. આ પંચ સાહેદોને લાશ બતાવવામાં આવેલ નહીં કે પંચનામાની કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નહીં. આ પંચ સાહેદોના પુરાવાથી આંક : ૨૦ ના

પંચનામાની હકીકતોને સમર્થન મળતું નથી અને આ બંને પંચ સાહેદોને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે. આમ, સદર પંચ સાહેદોની તૈયાર પંચનામામાં સહી લેવામાં આવેલ હોવાની હકીકત અને પંચનામાની કોઇ કાર્યવાહી કરવામાં આ સાહેદો રૂબરૂ કરવામાં આવેલ ન હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે, જેથી આંક : ૨૦ ના પંચનામાની હકીકતો પૂરવાર થઇ શકેલ નથી.

(૧૮) પોલિસ સાહેદોનો પુરાવો જોઇએ તો, સાહેદ વિકેશભાઇ રમેશભાઇ પટેલને આંક : ૨૫ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદનો પુરાવો જોઇએ તો, આ સાહેદ તારીખ ૦૮/૦૬/૨૦૨૨ ના રોજ મહુવા પોલિસ સ્ટેશનમાં પી.એસ.ઓ.ના ચાર્જમાં હતા, ત્યારે ફરિયાદીએ પી.એસ.આઇ. બી. બી. પરધને રૂબરૂ ફરિયાદ આપેલ, જે ફરિયાદ રજીસ્ટર થવા આવતાં આ સાહેદે હાલનો ગુનો દાખલ કરી તપાસ શ્રી પરધનેને સુપ્રત કરેલી. આમ, સદર સાહેદે ફકત ફરિયાદ આધારે ગુનો દાખલ કરવાની કામગીરી કરેલ છે, તે સિવાય બીજી કોઇ કામગીરી સદર ગુનાના કામે કરેલ નથી.

(૧૯) તપાસ કરનાર અધિકારી ભરતકુમાર ભાગુરાવ પરધનેને આંક : ૩૦ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદ બનાવ સમયે મહુવા પોલિસ સ્ટેશનમાં પી.એસ.આઇ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ફરિયાદીએ આ સાહેદ રૂબરૂ ફરિયાદ આપેલી અને હાલનો ગુનો નોંધાયા બાદ તપાસ મળતાં તેઓએ લાશનું પી.એમ. કરાવેલ, ઇન્કવેસ્ટ પંચનામું કરેલ, ગુનાવાળી જગ્યાનું પંચનામું કરી મુદ્દામાલ કબજે લીધેલ, લાશ ઉપરના કપડાં પંચનામા અન્વયે કબજે લીધેલ, એફ.એસ.એલ. અધિકારી મારફત સ્થળ નિરીક્ષણ કરાવેલ, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા, આરોપીને અટક કરેલા અને આ સાહેદને સરકાર તરફથી ફરજ મોકૂફ કરવામાં આવતાં આગળની તપાસ પી.એસ.આઇ. શ્રી એસ. એમ. પટેલનાઓને સુપ્રત કરેલી. આ સાહેદની જુબાની દરમ્યાન આંક : ૩૧ અને આંક : ૩૩ થી રવાનગી નોંધ તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર, આંક : ૩૨ અને આંક : ૩૪ થી એફ.એસ.એલ.ની મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ, આંક : ૩૫ થી

એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ પત્ર તથા આંક : ૩૬ થી એફ.એસ.એલ.નો ભૌતિકશાસ્ત્ર વિભાગનો અહેવાલ રજૂ થયેલ છે. ઊલટતપાસમાં આ સાહેદે સ્વીકારેલ છે કે, ફરિયાદ તેઓ રૂબરૂ આપવામાં આવેલી અને તપાસ પણ તેઓએ કરેલી. આ સાહેદે જણાવેલ છે કે, મરનાર કેરીનો વેપાર કરતા હતા અને કેરીની વાડી ભાડે રાખતા હતા અને તપાસ દરમ્યાન ખુલેલું કે, વાડીના માલિકને પૈસા આપવાના બાકી હોવાથી મરનાર ટેન્શનમાં રહેતા હતા. આ સિવાય પૂછવામાં આવેલા પ્રશ્નોનો સદર સાહેદે ઈન્કારમાં જવાબ આપેલ છે. આમ, સદર સાહેદનો પુરાવો જોતાં તેઓએ ફરિયાદીની ફરિયાદ લઈ તપાસની જે કામગીરી કરેલી તે અંગે સમર્થનકારી પુરાવો આપેલ છે. આ સાહેદના પુરાવામાંથી એવી હકીકત રેકર્ડ ઉપર આવે છે કે, મરનાર કેરીનો વેપાર કરતા હતા અને વાડીના માલિકને પૈસા આપવાના બાકી હોવાથી ટેન્શનમાં રહેતા હતા. ફરિયાદીના પુરાવામાં આવે છે કે, મરનારે આરોપીની વાડી રાખેલી, પરંતુ આરોપીએ મરનાર પાસે પૈસાની સતત ઉઘરાણી કરી માનસિક ત્રાસ આપ્યો હોય કે આપઘાત માટે દુષ્પ્રેરણ કરેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર જણાઈ આવતો નથી. ફરિયાદી પોતાના પુરાવામાં એમ પણ જણાવે છે કે, આરોપી અને મરનાર વચ્ચે કોઈ નાણાંકીય વ્યવહાર ન હતો. આમ, ફરિયાદીના પુરાવામાં મહત્વનો વિરોધાભાસ જણાઈ આવે છે.

(૨૦) સદર કામે આંક : ૨૩ થી એફ.એસ.એલ.નો સ્થળ નિરીક્ષણ અહેવાલ રજૂ થયેલ છે, જે વંચાણે લેતાં મહુવા–અનાવલ રોડ ઉપર વહેવલ ખાતેની સેન્ટ્રલ નર્સરીની પશ્ચિમે આવેલ કોકરંજના ઝાડવાળી જગ્યાનું નિરીક્ષણ કરવામાં આવેલું, જે ઝાડ ઉપર રોડ તરફથી ચઢવું શક્ય જણાયેલ. સદર સાહેદે ઝાડનું વર્ણન કરેલ છે અને તપાસનીશ અધિકારીને આપેલ સૂચનોની વિગત જણાવેલ છે. આ સિવાય બીજી કોઈ મહત્વની હકીકત સદર અહેવાલમાંથી જણાઈ આવતી નથી. એફ.એસ.એલ.નો ભૌતિકશાસ્ત્ર વિભાગનો આંક : ૩૬ નો એહવાલ જોઈએ તો, નમૂના–૧ દોરડાની વજન ઝીલવાની ક્ષમતા ૨૦૦ કિલોગ્રામ કરતાં વધુ જણાયેલ. આમ, કબજે કરવામાં આવેલ દોરડું મરનારનું વજન ઝીલી શકે તેમ હતું તેવી

હકીકત રેકર્ડ ઉપર આવે છે. મરનારે ગળે ફાંસો ખાઇ આપઘાત કરેલ હોવા સંબંધે બચાવપક્ષ તરફે કોઇ તકરાર લેવામાં આવેલ નથી.

(૨૧) આમ, ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ પુરાવાઓથી મરનારે ગળે ફાંસો ખાઇ લીધેલ હોવાની હકીકત પૂરવાર થાય છે, પરંતુ મરનારને શા કારણે ફાંસો ખાઇ લીધેલ તે અંગેનો કોઇ પુરાવો જણાઇ આવતો નથી. ફરિયાદપક્ષના કેસ મુજબ મરણ જનારે આરોપી પાસેથી ત્રણ લાખ લીધેલા, જે પૈકી એક લાખ ચૂકવી આપેલા, પરંતુ આ અંગેનો કોઇ લેખિત આધાર રજૂ થયેલ નથી. વળી, આરોપીએ મરનારના ઘરે જઇ નાણાંની ઉઘરાણી કરી હોય તેવું ફરિયાદી કે તેમની દીકરી જણાવતાં નથી. ઊલ્ટાનું, આરોપી સાથે કોઇ નાણાંકીય વ્યવહાર ન હતો તેમ રેકર્ડ ઉપર આવે છે. મરનારે આરોપીની આંબાની વાડી રાખેલ હોવા સંબંધેનો કે કેરીના પૈસા આપવાના બાકી હોવા સંબંધેનો કોઇ પુરાવો રેકર્ડ ઉપર જણાતો નથી. મરનારને સ્યૂસાઇડ નોટ લખેલ હોવાનો ફરિયાદપક્ષનો કેસ છે, પરંતુ આ સ્યૂસાઇડ નોટ કબજે કર્યાના પંચનામાને પંચ સાહેદોના પુરાવાથી સમર્થન મળતું નથી. વળી, સદર કામે મરનારની ડાયરી પણ રજૂ થયેલ નથી. સાહેદોના પુરાવાથી મરનારને કેરીના ધંધામાં ખોટ ગયેલ હોવાથી માનસિક તાણમાં રહેતા હતા અને તેના કારણે માનસિક હતાશાથી આપઘાત કરેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે. મરનારે ગળે ફાંસો ખાઇ આપઘાત કરેલ હોવાની બાબત સાથે આરોપીને સાંકળી શકાય તેવો કોઇ જ પુરાવો ફરિયાદપક્ષ રજૂ કરી શકેલ નથી. બનાવના અરસામાં મરનારને આરોપી તરફથી એટલી હદનો ત્રાસ હતો કે મરનારને આપઘાત કરવા સિવાય બીજો કોઇ વિકલ્પ ન રહે તેવી હકીકત રજૂ થયેલ પુરાવાઓથી પૂરવાર થતી નથી. ફરિયાદપક્ષના કેસ મુજબ આરોપીએ મરનારના ઘરે જઇ તથા ફોન કરી પૈસાની માંગણી કરેલ, પરંતુ સદર કામે મરનારની કે આરોપીની કોલ ડિટેઇલ્સ પણ મેળવવામાં આવેલ નથી. તમામ હકીકતો ધ્યાને લેતાં આરોપીએ મરનારને સતત ત્રાસ આપી આપઘાત કરવા માટે દુષ્પ્રેરણ કરેલ હોય અને તેના કારણે મરનારે ગળે ફાંસો ખાઇ આપઘાત કરેલ હોય તેવું રજૂ થયેલ પુરાવાઓથી પૂરવાર થઇ શકેલ નથી. આમ, ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ નિઃશંકપણે પૂરવાર કરી શકેલ ન હોવાથી

**મુદ્દા નંબર : ૨ નો નિર્ણય નકારમાં** આપી મુદ્દા નંબર : ૩ ના નિર્ણય અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) આ કામના આરોપી મોહનસિંહ છીબાભાઇ પરમનારને ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ પાસપોર્ટ અપીલ સમય વીત્યા બાદ આરોપીને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે, જયારે બાકીના તમામ મુદ્દામાલનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીએ રૂા.૧૦,૦૦૦/– અંકે રૂપિયા દસ હજાર પૂરાના ૬(છ) મહિનાના સમયગાળા સુધીના જામીન તથા જાત મુચરકા અત્રેની અદાલતમાં રજૂ કરવા તેવો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ **તારીખ :** ૨૦ મી, **માહે :** માર્ચ, **સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૨૦/૦૩/૨૦૨૬.
**બારડોલી.**

**( નરેશકુમાર રોશનલાલ જૈન )**
પાંચમા એડીશ્નલ સેશન્સ જજ, સુરત,
મુકામ : બારડોલી, જિલ્લો : સુરત.
U.I. CODE– GJ00582